ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

# ગરમીને પગલે સિવિલમાં ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભિક તબક્કાથી જ આગ ઓકતી ગરમી પડી રહી છે. ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યા છે, ગરમીથી રાહત મેળવવા માટે નીતનવા નુસખા અપનાવે છે. ગરમીથી રાહત મેળવવા માટે નાગરીકો ઠંડુ પાણી, લીંબુ શરબત, છાશ, આઈસ્ક્રીમ સહિતની ઠંડક આપતી ચીજવસ્તુઓ આરોગી રહ્યા છે. જેને પગલે પાણીજન્ય રોગચાળો વકર્યો હોય તેમ લાગી રહ્યું છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે, જેને પગલે સિવિલમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીને પગલે રોજના ૧૫ થી વધુ કેસ ઝાડા-ઉલ્ટીના જોવા મળે છે. સરકારી તંત્રએ પણ ઉનાળાની ગરમીમાં ગમે ત્યાં ઉભા રહીને વેચાણ કરતા અખાદ્ય પદાર્થના વેચાણ પર કાબુ મેળવવો જોઈએ.

ઉનાળાના શરુઆતના તબક્કામાં જ તાપમાનનો પારો દિન પ્રતિદિન ઉંચે જઈ રહ્યો છે. ગરમીથી જનજીવન પ્રભાવિત થયું છે, બપોરના સુમારે શહેરના માર્ગો સુમસામ બની જાય છે. ઉનાળાના શરૂઆના દિવસોમાં ગરમી ૪૦ ડિગ્રીને પાર કરી ગઈ છે. તો આગામી સમયમાં કેટલી પડશે તે વિચાર માત્રથી પરસેવો વળી જાય છે. ગરમીને પગલે પાણીજન્ય રોગચાળાની ઝપટમાં નગરજનો આવી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો અને આંતરીક માર્ગ પર શેરડીના કોલા અને લીંબુ શીંકજીના નામે રેકડીઓ ધમધમી રહી છે. નગરજનો ગરમીમાં તરસ છીપાવવા માટે શેરડીનો રસ, ઠંડુ પાણી, આઈસ્ક્રીમ, બરફ ગોળા, વિવિધ ઠંડા પીણા, લીંબુ શીંકજી, સહિતના પીણા ગટગટાવી રહ્યા છે. શહેરમાં બિન આરોગ્યપ્રદ પાણીપુરી સહિતની બિન આરોગ્યપ્રદ લારીઓ ઉભી રહે છે જેના પર તંત્રએ રોક લગાવવી આવશ્કયક છે. સ્વાદના શોખીનો ગમે તેવું ખાવાનું સ્વાદના ચટકાને લીધે આરોગી લે છે. ત્યારે શહેરની સિવિલની ઓપીડીમાં રોજના ૧૫ થી વધુ દર્દીઓ ઝાડા-ઉલ્ટીના નોંધાય છે. પાણીજન્ય રોગચાળાની સ્થિતિ વકરતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે આગામી ઉનાળાની ગરમીમાં શહેરમાં પાણીજન્ય રોગચાળો વકરે નહીં તેનું તંત્ર દ્વારા ધ્યાન રાખવું જરુરી બન્યું છે.

## આજે ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૧૪ એપ્રિલ રવિવારે સાંજે ૫.૩૦ કલાકે યુથ હોસ્ટેલ સેકટર-૧૬ ખાતે 'એક શામ કવિ કે નામ' અંતર્ગત હિન્દીના જાણીતા કવિ લલિક કિશોર અગ્રવાલના કાવ્યોનું પઠન તથા લોકાર્પણના તંત્રી ગૌરાંગ પડયા 'સાહિત્ય અને પત્રકારત્વ' અંગે વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સાહિત્યસભાના સભ્યો અને સૌ ભાવકોને ઉપાધ્યક્ષ સંજય થોરાતે આમંત્રણ આપ્યું છે.

## લયબદ્ધ શ્વસનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

પૂજય તાવરીયાજી નિર્દિષ્ટ 'લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય'નો કાર્યક્રમ તા. ૧૫-૪-૨૦૧૯ થી તા. ૨૧-૪-૨૦૧૯ દરમિયાન સવારે ૭.૩૦ થી બલરામ મંદિર, સે-૧૨ ગાંધીનગર ખાતે વિના મૂલ્યે યોજાનાર છે તો તેના લાભ લેવા તાવરીયાજી ગ્રુપ દ્વારા જણાવાયું છે. વધુ માહિતી માટે મો.નં. ૯૬૨૪૭૯૫૬૪૩ તથા ૯૭૨૭૭૨૦૬૮૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## વર્લ્ડ એમેચ્યોર રેડિયો ડે ની ઉજવણી નિમિત્તે આજે સરીતા ઉદ્યાનમાં કાર્યક્રમ

ગાંધીનગર તા ૧૩

ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો દ્વારા આજે સવારે ૮:૩૦ કલાકે સરીતા ઉદ્યાન ખાતે વર્લ્ડ એમેચ્યોર રેડિયો ડે ની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. હેમ રેડિયોના જ્ઞાન અંગે સામાન્ય વ્યકિત પણ જાણકારી મેળવી શકે અને આપત્તિઓથી બચી શકે તેવા આશયથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ એમેચ્યોર રેડિયોના જોઈન્ટ સેક્રેટરી પ્રવિણ વાલેરાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યા મુજબ આપત્તિ વેળાએ સંદેશા વ્યવહાર ખુબ જ મહત્વનો બની જાય છે. એમેચ્યોર રેડિયો દિવસ અન્વયે સમાજમાં આપત્તિ વિશે સાચી જાણકારી ફેલાવવી અને તેનાથી બચી શકાય તેવા પગલા લેવા માટે નાગરિકોને જાગૃત કરવાના આશયથી એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સંપર્કના બધા જ સાધનો કે સેવા કામ કરતી નથી ત્યારે એમેચ્યોર રેડિયો રાહત તેમજ બચાવ કામગીરી માટે મહત્વની સેવા પુરવાર થાય છે. જેના આધારે અસરગ્રસ્ત વિસ્તાર સાથે અન્ય વિસ્તારનો સંપર્ક સ્થાપિત કરી ત્યાંની પરિસ્થિતિની જાણકારી આપવામાં ઉપયોગી થાય છે. સંસ્થા દ્વારા એમેચ્યોર રેડિયો દિવસની ઉજવણીના ભાગરૂપે હેમ રેડિયો અંગેના જ્ઞાનનો ફેલોવો કરવા તા ૧૪ એપ્રિલના રોજ સવારે ૮:૩૦-કલાકે સરીતા ઉદ્યાન ખાતે તેની કામગીરીનુ નિદર્શન કરવામાં આવશે. હેમ રેડિયો અંગે જાણકારી મેળવવા ઈચ્છતા નાગરિકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે જણાંવાયુ છે.



ઉનાળો આવે અને ગરમી લાવે અને તેમાંય વળી આ ગરમીમાં કાળી મજુરી કરતો મજુર. પૈસાદારો તો એસીમાં બેસી આરામ કરે પણ આ મજૂરોને આકરી ગરમીમાં પણ પાપી પેટ તેમજ પરિવાર માટે ગરમીની ચિંતા કર્યા વગર કામ કરે જ છુટકો...

## ટપાલ સેવાઓને લગતા પ્રશ્નના નિકાલ માટે ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ.સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન ગાંધીનગર સે-૧૧ ખાતે આગામી તા.૩૦ એપ્રિલના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરીયાદો સાંભળવામાં આવશે. આ અંગેની નાગરીકોની ફરીયાદો સિનિ.સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન ગાંધીનગર સેકટર-૧૧ ને મોડામાં મોડી તા. ૨૨-૪-૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારીત સમય મર્યાદા બાદ મળેલી ફરીયાદોને ધ્યાને લેવામાં આવશે નહી. જયારે ફરીયાદ સ્પષ્ટ, મુદ્દાસર, તેમજ એક જ વિષય પર હોવી જોઈએ, નિતિ વિષયક ફરીયાદો ને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહી.

## સુઘડ કેનાલ પાસે આધેડ વયના વ્યકિતનો આપઘાત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર તપોવનથી કોબા સુધીના રોડ પર એક આધેડ વયના વ્યકિતએ ગત મોડી સાંજે ઝેરી દવા પી લઈને આપઘાત કરી લીધો હોવાની ઘટના બનવા પામી છે. અમદાવાદના રહેવાસી આધેડે દવા પી લેતા તેમનું મૃત્યુ નિપજયું હતું. બનાવને પગલે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી બનાવની મળતી વિગત મુજબ બાપુનગરના હીરાવાડી વિસ્તારમાં હિતેશ ફલેટ મકાન નં.૧૬ વસવાટ કરતા રામજીભાઈ ઈશ્વરભા નાયી ગત મોડી સાંજે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બાપુનગરમાં હજામની દુકાન ચલાવતા રામજીભાઈએ આર્થિક સંકડામણથી કંટાળીને આપઘાત કરી લીધો છે. મૃતકના બહેનના દિકરાના તા.૫ મે ના રોજ લગ્ન છે. જેમાં મામેરુ કરવાનું હોવાને પગલે પોતે અશક્ત હોવાથી લાગી આવતા તેઓ શુક્રવારે બપોરે જ ઘરેથી નીકળી ગયા હતા. સાંજે સાડા સાત વાગ્યાના સુમારે તેઓ તપોવનથી કોબા વચ્ચે દવા પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. જેથી તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જો કે ઝેરી દવા શરીરમાં ભળી જવાથી તેમનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે જાણ થતા અડાલજ પોલીસ સ્ટેશનના જમાદાર કનુભાઈ તાત્કાલીક સિવિલ પહોંચી ગયા હતા અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચિલોડા ખાતે જીએસટીવી દ્વારા ચૂંટણીનો ચોરો કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સ્થિત એસ.પી. રીસોર્ટ ખાતે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી ગણતરીના દિવસોમાં યોજાનાર છે ત્યારે રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારના કામે લાગી ગયા છે. આ સંદર્ભે ચિલોડા એસ.પી. રીસોર્ટમાં જીએસટીવી દ્વારા ટાર્ગેટ ૨૦૧૯ અંતર્ગત ચૂંટણીનો ચોરો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર અને પૂર્વ અમદાવાદ લોકસભાની બેઠક માટે ગાંધીનગર જિલ્લાના ભાજપ અને કોંગ્રેસ પક્ષના બંને પક્ષના મુખ્ય હોદ્દેદારો, પદાધિકારીઓ, કાર્યકરો વચ્ચે ઉત્તેજનાજનક વર્તમાન રાજકીય પ્રવાહોની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચિલોડા આસપાસના બંને પક્ષોના કાર્યકરો હાજર રહ્યા હતા.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા શ્રમિકોની ચરણસેવા



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના વનરક્ષણ અને વનીકરણનું કામ કરતા શ્રમિકોની ચરણસેવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા આજરોજ વનચેતના, પુનીતવન, બોરીજ નર્સરી અને અંતિમધામ ખાતે કામ કરતા શ્રમિકોની ચરણસેવા પગરખા પહેરાવી સંપન્ન કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરનું જતન કરતા શ્રમિકોની ચરણસેવામાં અરુણ બુચ, મયુર વ્યાસ, શશીકાંત મોઢા, પ્રદિપ સોલંકી તથા હાઉસીંગ બોર્ડ આવાસ વસાહત મંડળના પ્રમુખ ડૉ. પી.ડી. પટેલ તથા જનક રાવલ, મહેન્દ્ર ચૌહાણ, સુધીર દેસાઈ અને કીશોર જીકાદરા જોડાયા હતા. સમગ્ર વ્યવસ્થા કરસનભાઈ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શહેરમાં શ્રમનું કામ કરતા શ્રમિકોની ચરણસેવામાં આશરે એક હજાર શ્રમિકોની ચરણસેવા કરવામાં આવી રહી છે તથા પક્ષીઓની તરસ છીપાવવા માટે પક્ષી પરબનું પણ મોટી સંખ્યામાં વિતરણ કરવામાં આવેલ છે.

## પ્રકૃતિની નજાકતતા અને પ્રકૃતિએ આપેલી ક્ષમતાનો અનેરો સમન્વય....







ગાંધીનગર, તા.૧૩

પ્રકૃતિની નજાકતતા અને તેનો આનંદ માણવો એ બહુ જ ભાગ્યે જ જોવા મળતી ઘટના કહેવાય છે. આવી જ ઘટના સે-૮માં બની છે.

ગાંધીનગરના સે-૮ના પ્લોટ નં. ૮૫૦માં બનેલી ઘટનાની વાત છે. ફેબ્રુઆરી મહિનાના અંતિમ સપ્તાહથી આ વાતનો આરંભ થાય છે.

આ વાત કહેતા આ પ્લોટમાં નિવાસ કરતા રાજયના પૂર્વ પ્રિન્સીપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ અસીમ શ્રીવાસ્તવ એટલા ભાવુક થઈ ગયા કે તેમણે કહ્યું વનમાં ઘણું બધું જોયું પણ આ પ્રકૃતિની નજાકતતાની સાથે સાથે માતા કેવું શિક્ષણ આપે છે તે જોવાની ક્ષણોને શબ્દોમાં વર્ણવી ના શકાય.

તેમણે કહ્યું કે એક ગર્ભવતી ચકલી સેકટરના ખૂણામાં પડેલા તણખલા, કપડાના ટુકડા, પ્લાસ્ટીક સહિત જેને આપણે કચરો કહીએ છીએ તે ભેગો કરી અને કેબલના વાયર પર તેનો માળો જે રીતે ગુંથ્યો તેની તસ્વીરી ઝલક તો ઠીક પણ તેની તે માટેની ગતિ અને પક્કડ જે રીતે વાયર પર જમાવી એ કાબિલે દાદ હતી.

આ પછી આ દેવ ચકલી એ ઈંડા મુકયા અને એક દિવસ તેમાંથી બચ્ચુ બહાર નીચે પડી ગયું. આના પર અમારી નજર પડી અને અમે તેને એક બોકસ બનાવી તેના માળા સહિત તેમાં ગોઠવી દીધું. જયાં સુધી અર્ધ બચ્ચાને તેમાં સહિસલામત રીતે મુકયું ત્યાં સુધી તે થોડેક દૂર બેસી ઉપરથી જોયા કરતી હતી તેમજ તે આક્રંદ કરતી પણ જોવા મળી હતી પરંતુ સુરક્ષિતતા જોયા પછી તેણે સંતોષ અનુભવ્યો હતો.

આ દેવચકલી તેના બાળકને મોટું કરવા માટે અને માવજત કરવા બહાર ઉડી તેનો ખોરાક લઈ આવે એટલું જ નહિ બાળકને જમાડે અને તે પણ તેની ચાંચમાં ચાંચ પરોવીને...

માતા એ સો શિક્ષકની ગરજ સારે છે. ચકલીના માતા અને તેના પિતા સતત તેમના પ્લોટની આસપાસ ઉડાઉડ કરી અને બાળકનો એટલો ખ્યાલ રાખે છે કે આખું વાતાવરણ તેમના કલરવથી સતત ગુંજતું જણાય છે.

તેમણે કલાપીની પંકિતઓને યાદ કરીને કહ્યું કે 'હે પંખીડા સુખથી ચણજો ગીત ગાવા..'

જો કે બદલાયેલા પરિપ્રેક્ષ્યમાં તેમણે કહ્યું કે ચકલીઓની ઘટતી સંખ્યા ચિંતાજનક છે અને જે વારસો છે તે જાળવવાની જવાબદારી આપણા સૌની છે. તેમણે શહેરમાં રખડતા પશુઓ અને પ્રકૃતિને થતા નુકશાનને લઈ પણ ચિંતા વ્યકત કરી હતી.

તેમણે આ બચ્ચાના જન્મથી લઈ અને આજ સુધીમાં ૨૦૦થી વધુ ફોટોગ્રાફસ લીધા છે. તેમની ઈચ્છા છે કે આ બધા ફોટોગ્રાફસનું એક પ્રદર્શન શાળા કક્ષાએ યોજી અને પ્રકૃતિનું જ્ઞાન બાળકોમાં વધે તેમજ તેની રક્ષા માટેની જાગૃતિ આવે તે જરુરી છે.

## @ગાંધીનગર

● શ્રી કષ્ટભંજનદેવ સુંદરકાંડ સત્સંગ મંડળ વાવોલ દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન સે-૧૭ હનુમાનજી મંદિર, હેલીપેડ ગ્રાઉન્ડ સામે રાત્રે આઠ કલાકે કરવામાં આવશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા બપોરે ૧ થી ૩ કલાક દરમિયાન નર્મદાબેન પરમારના નિવાસસ્થાન સે-૩-બી પ્લોટ નં. ૩૪૪/૨, નવરાત્રી ગબ્બર ચોક પાસે તથા રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન મનીષાબેન ત્રિવેદી પ્લોટ નં. ૧૦૫૫/૧, સે-૩-ડી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● શ્રી અંબાજી મંદિર સેવા સમિતિ, અપના બજાર, શોપીંગ સેન્ટર, સે-૨૧ ખાતે નવચંડી યજ્ઞ સવારે ૧૦ કલાકે યોજાશે તથા શ્રીફળ હોમવાનો સમય સાંજે ૬ કલાકનો રહેશે.

● કવિતાબેન બારોટના નિવાસસ્થાન નં.૧૮, ગાર્ડન સીટી, ગોપાલ નગર, સમર્થ સોસાયટી પાસે પંચવટી કલોલ ખાતે રાત્રે ૮ કલાકે સુંદરકાંડના પાઠ શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ દ્વારા યોજાશે.

● સે-૨૨ પંચદેવ મંદિર ખાતે રામજન્મોત્સવની ઉજવણી બપોરે ૧૨ કલાકે ધામધૂમથી ઉજવાશે.

## આજે દલિત સેના દ્વારા શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાની આગેવાની હેઠળ શોભાયાત્રા નીકળશે તેમ જિલ્લા મહામંત્રી દિનકરભાઈ પરમાર અને ગુલાબચંદ પટેલે જણાવેલ છે.

## જય ભીમ સેવા ટ્રસ્ટ દ્વારા આજે નગરયાત્રા

ગાંધીનગર, તા.૧૩

છેલ્લા ચાર વર્ષથી ડૉ. બી.આર આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય નગરયાત્રા જય ભીમ સેવા ટ્રસ્ટ દ્વારા કાઢવામાં આવે છે તે પ્રમાણે ચાલુ વર્ષે પણ નગરયાત્રા નીકળશે, તેમજ રાત્રે ગરબા સુધારક મહાનુભાવોના નાટકો તથા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. ગરીબ બાળકોને ફળફળાદીનું વિતરણ કરવામાં આવશે.

નગરયાત્રાનો રૂટ સેકટર-૨૪થી સેકટર-૨૩, ઘ-૫, ૧૭-૨૨, જિલ્લાજ પંચાયતથી ડૉ. બાબા સાહેબની પ્રતિમા આગળ જશે તેમ પ્રમુખ કે.યુ. ચાવડા તથા મહામંત્રી ડૉ. અમૃતભાઈ સોલંકીએ જણાવેલ છે.

## દલિત અધિકાર સંઘ ગુજરાત આજે ડૉ. બાબા સાહેબને શ્રધ્ધા સુમન અર્પણ કરશે

ગાંધીનગર, તા.૧૩

દલિત અધિકાર સંઘ ગુજરાત દ્વારા તા. ૧૪મી એપ્રિલના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવનાર છે. ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવશે. 'ચૈતન્ય ભૂમિ' ખાતે દલિત અધિકાર સંઘ ગુજરાતનો સ્ટોલ કરવામાં આવનાર છે જેમાં ઠંડી છાશનું વિતરણ કરવામાં આવનાર છે તેમ જિલ્લા પ્રમુખ કાંતિભાઈ પરમાર અને મેનેજિંગ ટ્રસ્ટી જીતુભાઈ એફ. વાઘેલાએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. ચોકસી હંસાબેન નટવરલાલ, ઉ.વ. ૮૩
- સ્વ. મકવાણા દિપકસિંહ જગતસિંહ, ઉ.વ. ૪૩
- સ્વ. વ્યાસ ઉમાકાન્ત હિરાલાલ, ઉ.વ. ૮૭